# શુભસંદેશકાર માર્ક
# ફાધર વર્ગીસ પૉલ

આપણે 'નવો કરાર'માં સૌથી પ્રાચીન અને સૌથી નાના શુભસંદેશના લેખક તરીકે માર્કને ઓળખીએ છીએ. આપણને માર્કના શુભસંદેશથી તેમજ પ્રેષિતોનાં ચરિતો તથા સંત પાઉલ અને સંત પીતરના પત્રોમાંથી શુભસંદેશકાર માર્ક વિશે સારો ખ્યાલ મળી રહે છે.

પ્રેષિતોનાં ચરિતોએ એ વાત કરી છે કે સંત પીતર હેરોદની કેદમાંથી ચમત્કારિક રીતે મુકત થયા બાદ યોહાન ઉર્ફે માર્કનાં મા મરિયમના ઘેર ગયા હતા. ત્યાં પીતર માટે ઘણાં માણસો ભેગાં મળીને પ્રાર્થના કરતાં હતાં. સામાન્ય રીતે, આ જ યોહાન ઉર્ફે માર્કને શુભસંદેશકાર માર્ક તરીકે ઓળખવામાં આવે છે.

યોહાન ઉર્ફે માર્કનાં મા મરિયમ યરુશાલેમ ખાતે એક વિશાળ ઘરનાં માલિક હતાં. પ્રેષિતો અને પ્રથમ ખ્રિસ્તીઓ ત્યાં ભેગાં મળતાં હતાં. એક પરંપરા મુજબ આ વિશાળ ઘરને 'ઉપલી મેડી' તરીકે ઓળખવામાં આવે છે. ઈસુએ પોતાનું અંતિમ ભોજન પ્રેષિતો સાથે આ ઉપલી મેડીમાં લીધું હતું. ઇસુના સ્વર્ગારોહણ બાદ ઇસુના ૧૨ પ્રેષિતો અને અન્ય શિષ્યો ઈસુનાં માતા મરિયમ સાથે અહીં મળતાં હતાં અને પ્રાર્થના કરતાં હતાં.

માર્કનું યહૂદી નામ 'યોહાન' હતું. માર્ક કે માર્કૂસ રોમન સંસ્કૃતિ મુજબ સ્વીકારાયેલું નામ હશે. યહૂદી શાઉલ પણ રોમનોના 'પાઉલ' કે 'પાઉલૂસ' સ્વીકારેલું નામ હતું. 'હૂસ હૂ ધ ન્યૂ ટેસ્ટામેન્ટ' પુસ્તકના લેખક રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે તેમ, "બાઇબલના અમુક પંડિતો માને છે કે તે જ માર્ક પેલો યુવાન માણસ હતો જે ગેથશેમાને નામની જગ્યાએ ઇસુને પકડવામાં આવ્યા ત્યારે પોતાની ચાદર ફગાવી દઇ ઉઘાડા શરીરે ભાગી છૂટયો હતો."

પણ આપણે માર્કને પાઉલ અને બાર્નાબાસના શુભસંદેશના પ્રચારકાર્યની મુસાફરીમાં મદદનીશ મુસાફર તરીકે ઓળખીએ છીએ. પાઉલ અને બાર્નાબાસ માર્કને પોતાના પ્રથમ પ્રચારકાર્યની મુસાફરીમાં સાથે લીધા હતા. પ્રેષિતોનાં ચરિત કહે છે, "પોતાનું સેવાકાર્ય પૂરું થતાં બાનાર્બાસ અને શાઉલ યોહાન ઉર્ફે માર્કને સાથે લઇને યરુશાલેમથી પાછા ફર્યા." (પ્રેષિતોનાં ચરિતો ૧૨,૨૫).

રોનાલ્ડ બ્રાઉનરિગ કહે છે, "આશરે ઇ.સ.૪૬માં પાઉલ અને બાર્નાબાસ પોતાની સાથે યહૂદી યુવાન યોહાન ઉર્ફે માર્કને સાથે લઇને અંત્યોખની સાયપ્રસ અને પફુલિયામાં આવેલા પેગેર્ પહોંચ્યા. પણ યોહાન (ઉર્ફે માર્ક) તેમનાથી છૂટા પડીને પોતાના વતન યરુશાલેમ પાછો આવી રહ્યો." (જુઓ : 'પ્રેષિતોનાં ચરિતો' ૧૩,૧૩)

પ્રેષિતોનાં ચરિતોએ નોંધ્યું છે કે, યોહાન ઉર્ફે માર્ક પાઉલ અને બાર્નાબાસની સાથે તેમના પ્રચારકાર્યના અંત સુધી રહ્યા નહોતા, પરંતુ પમ્ફૂલિયાથી તેમનાથી અલગ થઇ ગયા હતા.

પ્રેષિતોનાં ચરિતો કહે છે, પાઉલ અને બાર્નાબાસ "સલૂકિયા ગયા અને ત્યાંથી વહાણમાં બેસીને સાયપ્રસ ચાલ્યા ગયા. સલમિસ પહોંચ્યા પછી તેમણે યહૂદીઓનાં સભાગૃહોમાં ઇશ્વરનો સંદેશ સંભળાવ્યો. યોહાન પણ તેમની મદદમાં હતો" ('પ્રેષિતોનાં ચરિતો' ૧૩:૪-૫). અહીં જે મૂળ શબ્દ 'મદદમાં' વપરાયો છે એ જ શબ્દ સંત લૂકના શુભસંદેશના અધ્યાય ૪,૨૦માં "સેવક" તરીકે અનૂદિત થયો છે.

યોહાન ઉર્ફે માર્કને સેવક તરીકે કે મદદ કરવાના પોતાના કામમાં કંઇ રુચ્યું ન હોય અથવા પાઉલ અને બાર્નાબાસની સાથેના એમના સંબંધમાં કોઇ વાંધાજનક સ્થિતિ ઊભી થઇ હોય, પણ હકીકત એ છે કે પમ્ફૂલિયાથી પ્રચારકાર્યના અધવચ્ચેથી માર્ક પાછા ફર્યા હતા. આથી પાઉલને ભારે મનદુઃખ થયું હતું.

ફરીવાર બાર્નાબાસ અને પાઉલના પ્રેષિતકાર્યની બીજી મુસાફરીમાં માર્કને સાથે લેવાનો પ્રશ્ન ઊભો થયો. 'પ્રેષિતોનાં ચરિતો' નોંધે છે, "બાર્નાબાસની ઇચ્છા યોહાન ઉર્ફે માર્કને પણ સાથે લેવાની હતી. પણ પાઉલને લાગ્યું કે જે માણસ પમ્ફૂલિયામાં તેમનાથી અલગ થઈ ગયો હતો, અને તેમની સાથે કાર્યમાં ચાલુ રહ્યો નહોતો તેને સાથે ન લેવો" (પ્રેષિતોનાં ચરિતો ૧૫, ૩૭-૩૮).

યોહાન ઉર્ફે માર્કને સાથે લેવા સામે પાઉલે સખત વાંધો ઉઠાવ્યો. એટલે પાઉલ અને બાર્નાબાસ વચ્ચે "મતભેદ એટલો તીવ થયો હતો કે તેઓ છૂટા પડી ગયા. બાર્નાબાસ માર્કને સાથે લઇને વહાણના રસ્તે સાયપ્રસ ચાલ્યો ગયો." (પ્રેષિતોનાં ચરિતો ૧૫,૩૯).

પાઉલ અને યોહાન ઉર્ફે માર્ક વચ્ચેનાં વિખવાદ અને અંતર લાંબો સમય ટકયાં નહીં. તેમની વચ્ચે અરસપરસ સુલેહ થઇ ગઇ. પાઉલ રોમ ખાતે કારાવાસમાં હતો ત્યારે યોહાન ઉર્ફે માર્કને એમની સેવાચાકરી કરતા આપણે જોઇએ છીએ. પાઉલ કલોસ્સાના ધર્મસંઘ પ્રત્યેના પત્રના અંતે યોહાન ઉર્ફે માર્કની સલામ પાઠવે છે. માર્ક સાથે અન્ય એક શિષ્યનાં વંદન પાઠવીને પાઉલ લખે છે, "યહૂદીઓમાંથી તો આ બે જ જણ મારી સાથે ઇશ્વરના રાજ્યને માટે કામ કરે છે; એમને લીધે મને ઘણું પ્રોત્સાહન મળ્યું છે." (કલોસ્સા ૪,૧૧). વળી, તિમોથી પ્રત્યેના પોતાના બીજા પત્રમાં પાઉલ માર્કની માગણી કરે છે અને એમની ઉપયોગિતાની પ્રશંસા કરતાં લખે છે, "લૂક એકલો મારી સાથે છે. માર્કને તારી સાથે લેતો આવજે; કારણ તે મને ઘણો મદદરૂપ થઇ પડે છે." (૨ તિમોથી ૪,૧૧).

રોમથી પાઠવેલા પોતાના પહેલા પત્રમાં સંત પીતરે યોહાન ઉર્ફે માર્કને "મારો પુત્ર માર્ક" તરીકે ઓળખાવ્યા છે. એ પત્રના ઉપસંહારમાં સંત પીતર લખે છે, "તમારી જેમ જ ઈશ્વરે બાબિલમાં પસંદ કરેલો ધર્મસંઘ તથા મારો પુત્ર માર્ક તમને વંદન પાઠવે છે." (૧ પીતર ૫,૧૩). આ સંદર્ભના આધારે રોનાલ્ડ બ્રાઉનરિગ જેવા બાઇબલના પંડિતો એવા તારણ પર આવ્યા છે કે, "માર્ક રોમ ખાતે સંત પીતરના મદદનીશ હતા. તે પહેલાં અને પછી પણ માર્ક સંત પીતરના આધ્યાત્મિક 'પુત્ર' અને સાથીદાર રહ્યા હોય એ શક્ય છે."

માર્ક, બાર્નાબાસ, પાઉલ અને પીતર જેવા ઈસુના નિકટના શિષ્યોના સંગાથમાં જીવ્યા હતા. દેખીતી રીતે તેમનું જીવન તથા ઉપદેશો માર્કને પોતાનો શુભસંદેશ લખવામાં મદદરૂપ નીવડ્યાં છે.

માર્કનું પ્રતીક પાંખાળો સિંહ છે. ફ્રાન્સિસ્કન સન્યાસસંઘના ફ્રા. લિયોનાર્ડ ફોલી (ઓ.એફ.એમ.)એ મને ૧૯૭૭માં પોતાનું 'સેઇન્ટ્સ ઑફ ધ ડે' નામનું બે ભાગનું દળદાર પુસ્તક ભેટ આપ્યું હતું. તેના પ્રથમ ભાગમાં માર્ક અંગે એક લેખ છે. તેમાં ફાધર ફોલીએ માર્કના પ્રતીકનો ખુલાસો કર્યો છે. આ સિંહનું પ્રતીક માર્ક સ્નાનસંસ્કારક યોહાનના 'અરણ્યમાં કોઇનો પોકાર' તરીકે કરેલા વર્ણન (માર્ક ૧,૩)માંથી લીધું છે; કલાકારોએ ગર્જના કરતા સિંહની સાથે અરણ્યમાંના પોકારને સરખાવ્યો છે. પાંખોની વાત તો હઝકિયેલના દર્શનમાં ચાર પાંખોવાળા પ્રાણીઓના દર્શનમાંથી આવે છે.

બાઇબલના પંડિતો માને છે કે, માર્કનો શુભસંદેશ ઈસુ ખ્રિસ્તનાં જીવન, કાર્ય અને મૃત્યુ અંગેનો પ્રથમ પ્રકાશિત પુરાવો છે. એક યહૂદી તરીકે માર્કને પેલેસ્ટાઇનની સામાન્ય બોલચાલની ભાષા 'એરામાઇક' આવડતી હતી. પરંતુ તેમણે પોતાનો શુભસંદેશ ગ્રીક ભાષામાં લખ્યો છે. તેઓ પોતાનો યહૂદી ધર્મગ્રંથ 'જુનો કરાર' બરાબર જાણતા હતા, અને તેમણે પોતાના શુભસંદેશમાં બાઇબલના જુના કરારની ગ્રીક આવૃત્તિમાંથી પોતાની પસંદગીનાં અવતરણો ટાંક્યાં છે.

સંત માથ્થી અને સંત લૂકના શુભસંદેશો માટે માર્કનો શુભસંદેશ સામાન્ય સ્રોત હતો. બ્રાઉનરિગ કહે છે, "૬૬૦ પંક્તિઓ ધરાવતા માર્કના શુભસંદેશ પૈકીની ૬૦૦ સંત માથ્થીના શુભસંદેશમાં મળે છે, તો ૩૫૦ સંત લૂકના શુભસંદેશમાં મળે છે. માંડ ૬૦ પંક્તિઓ સંત માથ્થી અને સંત લૂકના શુભસંદેશમાં સમાવેશ પામી નથી."

વિલિયમ બાર્કલેએ 'ધી ડેઇલી સ્ટડી બાઇબલ ધ ગૉસ્પેલ ઑફ માર્ક'માં નોંધ્યું છે તેમ, માર્કના શુભસંદેશમાં આપણે પાંચ અનોખી લાક્ષણિકતાઓ તારવી શકીએ.

એક, માર્કના શુભસંદેશમાં વાસ્તવવાદની મહામૂલી લાક્ષણિકતા છે. માકેર્ ઈસુના જીવનનું સરળ અને નાટયાત્મક ચિત્રણ કર્યું છે. તેમની ભાષા પણ પ્રથમ સદીના મધ્યપૂર્વ એશિયામાં વપરાતી સરળ ગીક ભાષા છે.

બે, પોતાના શુભસંદેશની છેક શરૂઆતથી જ માર્ક પોતાની શ્રદ્ધાની ઘોષણામાં સ્પષ્ટ રહે છે : "ઈશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્તના શુભસંદેશનો પ્રારંભ" (માર્ક ૧,૧).

ત્રણ, માર્ક પોતાના શુભસંદેશમાં ઈસુનું અત્યંત માનવીય ચિત્ર રજૂ કરે છે. માર્ક બેધડક ઈસુને 'સુથાર' (માર્ક ૬,૩) તરીકે ઓળખાવે છે; જયારે સંત માથ્થી અને સંત લૂક ઈસુને 'સુથાર' કહેતાં ખચકાય છે. એટલે તેઓ ઈસુને 'સુથારનો દીકરો' (માથ્થી ૧૩,૫૫) કહે છે. માકેર્ જેમ ઈસુનાં સંવેદનોને ચીતર્યાં છે તેમ અન્ય કોઇ શુભસંદેશકારે નથી ચીતર્યાં. માત્ર માર્ક જ કહે છે, "તે લોકોની અશ્રદ્ધા જોઇને ઈસુ છક થઇ ગયા." (માર્ક ૬,૬). ફરીથી, પેલા અમીર યુવાન અને ઈસુનો પ્રસંગ વર્ણવતાં માત્ર માર્ક જ કહે છે, "ઈસુએ એની ઉપર નજર ઠેરવી અને તેમના હૃદયમાં પ્રેમ પ્રગટયો." (માર્ક ૧૦,૨૧).

ચાર, પોતાના શુભસંદેશમાં માર્ક કેટલાક પ્રસંગોની એવી આબેહૂબ જીવંત વિગતો રજૂ કરે છે જાણે કે તેઓ પોતે જે તે પ્રસંગના નજર નિહાળનાર સાક્ષી રહ્યા હોય! દાખલા તરીકે, સંત માથ્થી અને સંત લૂક બાળકો સાથે ઈસુનું સુંદર દૃશ્ય આપે છે. પરંતુ ફકત માર્ક જ કહે છે, "પછી તેમણે બાળકોને બાથમાં લઇને હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા." (માર્ક ૧૦:૧૬; જુઓ માથ્થી ૧૯:૧૩-૧૫ અને લૂક ૧૮: ૧૫-૧૭).

પાંચ, માર્કનાં વાસ્તવવાદ અને સરળતા તેમની સાદી ગીક શૈલી અને સામાન્ય એરોમાઇક રજૂઆતના ઉપયોગમાં જોઈ શકાય છે. માત્ર માર્ક જ શબ્દશઃ ઉતારો આપે છે કે, "'ટલીથા કૂમ', જેનો અર્થ એવો થાય છે કે, બેટા, મારી આજ્ઞા છે, ઊઠ." (માર્ક ૫,૪૧). વળી, ક્રૂસ પરથી ઈસુના શબ્દો માર્ક જ ટાંકે છે કે, "એલોઇ, એલોઇ, લમા સબખ્થાની?" અર્થાત્ "મારા ભગવાન, મારા ભગવાન, તમે મને કેમ છોડી દીધો?" (માર્ક ૧૫,૩૪).

લેખક વિલિયમ બાકલેર્ પોતાના "ગૉસ્પેલ ઍકોર્ડિંગ ટુ સેઇન્ટ માર્ક" પુસ્તકની પ્રસ્તાવનામાં કહે છે તેમ, "માકેર્ કરેલા ચિત્રણમાં ઈસુની સંપૂર્ણ માનવતા તેમને આપણી તદ્દન સમીપ લાવી મૂકે છે."

માકેર્ ખરેખર પોતાના આખા શુભસંદેશમાં ઈસુને મુકિતદાતા અને ઈશ્વરપુત્ર તરીકે રજૂ કર્યા છે અને સાથોસાથ ઇશ્વરપુત્ર ઈસુ ખ્રિસ્તમાં શ્રદ્ધા રાખનાર અને એ શ્રદ્ધાની ઘોષણા કરનાર સાચા પ્રેષિત પુરવાર થાય છે.